**સ્વૈચ્છિક સંસ્થાઓ સંચાલિત આઇસીડીએસ ઘટકના કર્મચારીઓને સાતમા પગારપંચનો લાભ આપવા બાબત.**

ગુજરાત સરકાર

મહિલા અને બાળ વિકાસ વિભાગ

ઠરાવ ક્રમાંક: **WCDD/DRA/e-file/23/2022/1465/B1**

સચિવાલય,ગાંધીનગર.

**વંચાણે લીધા :**

1. **મહિલા અને બાળ વિકાસ વિભાગનો તા.૨૪-૦૬-૨૦૧૩નો ઠરાવ ક્રમાંક: આઇસીડી/૧૦૨૦૦૯/૮૧૪૨૯૮/બ**
2. **નાણા વિભાગનો તા.૧૬/૦૮/૨૦૧૬નો ઠરાવ ક્રમાંક: આઇસીડી/પગર/૧૦૨૦૧૬/૧/પગારએકમ**
3. **કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ગાંધીનગરના તા.૦૨/૦૨/૨૦૧૯ના પત્રથી કરેલ દરખાસ્ત તેમજ સિંગલ ફાઇલથી મળેલ પૂર્તતા.**

**આમુખ**: -

વંચાણે લીધેલ (૧) પરના ઠરાવથી સ્વૈચ્છિક સંસ્થા સંચાલિત આઈસીડીએસ ઘટકના કર્મચારીઓ/અધિકારીઓને છઠ્ઠા પગારપંચના પગાર સુધારણાનો લાભ આપવામાં આવેલ છે. વંચાણે લીધેલ (૨)પરના નાણા વિભાગના ઠરાવથી રાજ્યની સહાયક અનુદાન મેળવતી સંસ્થાના કર્મચારીઓને સાતમા પગારપંચની ભલામણ મુજબ પગાર સુધારણાનો લાભ મળવાપાત્ર થાય છે. વંચાણે લીધેલ (૩) પરના પત્રથી સ્વૈચ્છિક સંસ્થા સંચાલિત આઈસીડીએસ ઘટકના કર્મચારીઓ/અધિકારીઓને સાતમા પગારપંચના પગાર સુધારણાનો લાભ આપવા અંગે દરખાસ્ત કરવામાં આવેલ છે. સ્વૈચ્છિક સંસ્થા સંચાલિત આઈસીડીએસ ઘટકના કર્મચારીઓ/અધિકારીઓને સાતમા પગાર પંચના પગાર સુધારણાનો લાભ આપવા અંગેની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

પુખ્ત વિચારણાના અંતે, સ્વૈચ્છિક સંસ્થા સંચાલિત આઈસીડીએસ ઘટકના આ સાથે સામેલ અનુસૂચિ મુજબના કર્મચારીઓ/અધિકારીઓને નીચે મુજબની શરતોને આધિન સાતમા પગારપંચના પગાર સુધારણાનો લાભ આપવાનું આથી ઠરાવવામાં આવે છે.

**શરતો:**

1. ગુજરાત રાજય સેવા (પગાર સુધારણા) નિયમો-૨૦૧૬ અનુસાર અને તેની જોગવાઈઓને અધીન તા.૦૧/૦૧/૨૦૧૬ થી ‘સ્કેલ ટુ સ્કેલ ‘ને ધોરણે પગાર સુધારણાનો લાભ મળવાપાત્ર થશે.
2. સરકાર/નાણા વિભાગની મંજુરી મેળવીને વહીવટી વિભાગના ઠરાવ હેઠળ જેટલી જગ્યાઓને ‘ સ્કેલ ટુ સ્કેલ ‘ના ધોરણે છઠ્ઠા પગાર પંચ મુજબ પગાર સુધારણા મંજુર કરવામાં આવેલ છે તે જગ્યાઓને જ હાલ સાતમાં પગાર પંચ મુજબની પગાર સુધારણાનો લાભ મળવાપાત્ર થશે. તથા ફિક્સ પગારની જગ્યાઓ તથા આઉટસોર્સીંગથી ભરેલ જગ્યાઓના પગાર સુધારણા મંજુર કરી શકાશે નહીં તથા આ જગ્યાઓ સરકારની પૂર્વમંજુરી વગર ભરી શકાશે નહીં.
3. અનુસૂચિમાં દર્શાવેલ **૧૧ સંવર્ગની ૧૧૬ મંજુર થયેલ જગ્યામાંથી નિયમિત પગાર ધોરણમાં ભરાયેલી ૧૦૦ જગ્યાઓ સિવાયના કોઈપણ સંવર્ગ/જગ્યાને સાતમા પગારપંચનો લાભ આપી શકાશે નહી.** આ સિવાયની કોઈપણ જગ્યા ઉપર સરકારની પૂર્વમંજુરી વગર નિમણૂંક આપી શકાશે નહી કે પગાર સુધારણા મંજુર કરી શકાશે નહી તથા તા.૦૧/૦૧/૨૦૧૬ પછી વયનિવૃતીના કેસમાં જે તે સંવર્ગ/જગ્યાના પગાર સુધારણા જે તે તારીખે કર્મચારી નિવૃત્ત થાય ત્યાં સુધી જ ગણવાના રહેશે.
4. સરકારની મંજુરી હેઠળ નાણા વિભાગના તા.૧૬/૨/૨૦૦૬ના ઠરાવથી નિયત નીતિ હેઠળ પાંચ વર્ષ સુધી ફિક્સ પગાર અને ત્યારબાદ નિયત પગાર ધોરણની યોજના હેઠળ સરકારની મંજુરીથી ઉભી થયેલ અને સરકારની મંજુરીથી ભરવામાં આવેલ જ જગ્યાઓને, અનુદાનિત મહેકમની જગ્યાઓની મર્યાદામાં **નિયત વર્ષોની ફિક્સ પગારની સેવા પૂર્ણ થયેથી સાતમા પગારપંચ મુજબ પગાર સુધારણા મંજુર કરવાની રહેશે.** આ ઉપરાંત ખાલી જગ્યાઓ સરકારની પૂર્વ મંજુરી વગર ભરી શકાશે નહીં. વધુમાં આઉટસોર્સીંગની જગ્યાઓ માટે જેટલી જગ્યાઓ ભરવાની મંજુરી આપેલ હોય તેટલી જ જગ્યાઓ સંસ્થાએ જરૂરીયાત મુજબ આઉટસોર્સીંગથી ભરવાની રહેશે.
5. સ્વૈચ્છિક સંસ્થા સંચાલિત આઈસીડીએસ દ્વારા સરકારની મંજુરી વગર ઉભી કરવામાં આવેલ કે ભરવામાં આવેલ જગ્યાઓ,કરાર આધારે ભરેલ કે .ફિક્સ પગારથી કે આઉટસોર્સીંગથી ભરેલ જગ્યાઓને પગાર સુધારણાનો લાભ મળવાપાત્ર થશે નહી કે તે જગ્યાઓને અનુદાનિત જગ્યાઓમાં તબદીલ કરી શકાશે નહી. **આ સંસ્થા દ્વારા સ્વભંડોળમાંથી વેતન ચુકવવામાં આવતું હોઈ તેવી જગ્યાઓને પગાર સુધારણા મંજુર કરવા અંગે રાજય સરકાર દ્વારા કોઈ અનુદાન આપવાનું રહેશે નહી.**
6. **સ્વૈચ્છિક સંસ્થા સંચાલિત આઈસીડીએસ ઘટકના કર્મચારીઓને તા.૦૧/૦૧/૨૦૧૬થી પગાર સુધારણા મંજુર કરવાની રહેશે પરંતુ ખરેખર પગારમાં ચુકવણી વિભાગના હુકમની તારીખથી પછીના માસની પહેલી તારીખથી મળવાપાત્ર થશે.** ઉદાહરણ તરીકે, જો જાન્યુઆરી માસમાં હુકમો કરવામાં આવે તો ફેબ્રુઆરી પેઈડ ઈન માર્ચના પગારમાં મળવાપાત્ર થશે. તા.૦૧/૦૧/૨૦૧૬ થી ખરેખર પગારમાં ચુકવણીની તારીખ વચ્ચેના સમયગાળાના તફાવતની રકમ અંગે રાજય સરકાર દ્વારા જે નિર્ણય લેવામાં આવે તે અનુસાર મળવાપાત્ર થશે **તા.૦૧/૦૧/૨૦૬ થી ખરેખર પગારમાં ચૂકવણીની તારીખ વચ્ચેના સમયગાળાના તફાવતની રકમ અંગે રાજય સરકાર દ્વારા નિર્ણય કરવામાં આવે તે મુજબ ચૂકવણી કરવાની રહેશે.**
7. પાંચમા પગારપંચ વખતે રાજય સરકાર દ્વારા સ્પષ્ટ મંજુરીથી હુકમો કરી <u>અનુદાનિત સંસ્થાના અધિકારી/કર્મચારીઓને જે ભથ્થાઓ મંજુર કરેલ છે. તે ઉપરાંત કોઈ વધારાના ભથ્થા ચૂકવવાના રહેશે નહી. સ્વૈચ્છિક સંસ્થા સંચાલિત આઈસીડીએસ ઘટકના કર્મચારીઓ/અધિકારીઓને મળવાપાત્ર વિવિધ ભથ્થાઓ સરકારશ્રી દ્વારા કરવામાં આવતા વખતો-વખતના ઠરાવને આધીન પ્રવર્તમાન દરો મુજબ મળવાપાત્ર રહેશે.</u> રાજય સરકારના કર્મચારીઓને મળતા તમામ ભથ્થાઓ અનુદાનિત સંસ્થાઓના કર્મચારીઓને સીધે સીધા મળવાપાત્ર થશે નહી. સિવાય કે સરકારની મંજૂરીથી ભરતી નિયમોમાં સ્પષ્ટ જોગવાઈ કરવામાં આવેલ હોય.
8. સાતમા પગારપંચને સંબંધિત પગાર બાંધણી અંગે રાજય સરકાર દ્વારા રાજય સરકારના કર્મચારીઓ માટે જે ઠરાવ બહાર પાડવામાં આવેલ છે તે ઠરાવોની જોગવાઈઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. સંસ્થાઓ પોતાની સત્તાની રૂએ કોઈ છુટછાટ આપી શકાશે નહી.
9. રાજય સરકારની મંજૂરી વિના હવે પછી સંસ્થા કોઈ જગ્યા ઠરાવ કરીને ઉભી કરી શકાશે નહી અને તેને સાતમા પગાર પંચ મુજબનો પગાર/પગાર સુધારણા મંજુર કરી શકાશે નહી. રાજય સરકારની મંજુરીથી ઉભી કરવામાં આવેલ જગ્યાઓ નિયત ભરતી નિયમોની જોગવાઈઓ અને નિયત ભરતી પ્રક્રિયા અનુસાર જ ભરવાની રહેશે. સામાન્ય રીતે રાજય સરકારમાં અમલમાં રહેલ નિયમો, શૈક્ષણિક લાયકાત અને લઘુત્તમ અનુભવના ધોરણો અનુસાર જ ભરતી/બઢતી આપવાની રહેશે તથા રાજય સરકારના સેવા અને વર્ગીકરણના નિયમો અનુસાર નીચલી જગ્યાના લઘુત્તમ અનુભવના માપદંડને અનુસરવાનો રહેશે.
10. **રાજય સરકાર દ્વારા મંજુર કરવામાં આવેલ જગ્યાઓ પર આ સંસ્થા દ્વારા નિયત ભરતી પ્રક્રિયા દ્વારા ભરેલ જગ્યાઓને જ સાતમા પગારપંચ મુજબ પગાર સુધારણાનો લાભ મળવાપાત્ર થશે.** આ સિવાયની જગ્યાઓ માટે રાજય સરકારની જવાબદારી રહેશે નહી તથા તે માટે કોઈ અનુદાન (પગાર-ભથ્થા અને નિવૃત્તિ લાભો માટે) રાજય સરકાર દ્વારા ચૂકવવામાં આવશે નહી. ઉપરાંત આ બાબતે સંસ્થા પોતાની સત્તાનો ઉપયોગ કરીને કોઈપણ કાર્યવાહી હાથ ધરશે તો તે અંગેની જવાબદારી સંસ્થાના સંબંધિત અધિકારીશ્રીની રહેશે.
11. અનુદાનિત સ્વૈચ્છિક સંસ્થા દ્વારા સરકારશ્રીની મંજુરીથી **ઉચ્ચતર પગારધોરણની યોજના** દાખલ કરવામાં આવેલ હશે, તો છઠ્ઠા પગારપંચના અમલ બાદ ઉચ્ચતર પગારધોરણની યોજના અમલમાં મૂકવા માટે રાજય સરકારની ફરીવાર મંજુરી મેળવવામાં આવેલ હશે તો જ તે યોજના અમલમાં રાખી શકાશે. તે સિવાય તેનો અમલ કરી શકાશે નહીં અને કર્મચારીઓને ઉચ્ચતર પગારધોરણ મંજુર કરી શકાશે નહી.
12. ભારત સરકાર અને ગુજરાત સરકારની સૂચનાઓ મુજબ વર્ગ-૩ સંવર્ગની તમામ જગ્યાઓ લેખિત પરીક્ષાથી ભરવાની રહેશે. વોક ઈન ઈન્ટરવ્યુ ( સાક્ષત્કાર કસોટી) દ્વારા જગ્યાઓ ભરી શકાશે નહી. તથા વર્ગ-૨ અને તેની ઉપરની જગ્યાઓમાં પણ પ્રાથમિક કસોટી અને ઈન્ટરવ્યુના ગુણ ધ્યાનમાં લઈ પસંદગી યાદી તૈયાર કરવાની રહેશે. (તા.૦૧/૦૧/૨૦૧૬ અને ત્યારબાદની તમામ જાહેરાત કે જેની પસંદથી પ્ર્ક્રિયા બાકી છે તેમાં ઉક્ત શરત લાગુ પાડવાની રહેશે.)

13. સાતમા પગારપંચનો લાભ આપવા માટેની દરખાસ્ત કરવામાં આવેલ જગ્યાઓ પૈકીની જેટલી જગ્યાઓને છઠ્ઠા પગારપંચનો લાભ મંજુર કરવામાં આવેલ છે તે સિવાયની કોઈપણ જગ્યાને સાતમા પગારપંચનો લાભ આપી શકાશે નહી. **આ માટે સંસ્થા પોતાની સત્તાનો ઉપયોગ કરીને કોઈ કાર્યવાહી હાથ ધરશે તો તે અંગેની જવાબદારી સંસ્થાના સંબંધિત અધિકારીશ્રીની રહેશે.**
14. સ્વૈચ્છિક સંસ્થા સંચાલિત આઈસીડીએસ દ્વારા રાજ્ય સરકારના સેવા વિષયક નિયમોનુ ચુસ્તપણે પાલન કરવાનુ રહેશે.
15. સ્વૈચ્છિક સંસ્થા સંચાલિત આઈસીડીએસ પોતાની સત્તાની રૂએ કોઈ પણ જગ્યાઓ ઉભી કરી શકશે નહી અને કોઈ પણ અધિકારીની/કર્મચારીની ભરતી કરી શકશે નહી. નવી ઉભી કરવા પાત્ર જગ્યાઓ માટે તેમજ તેની ભરતી માટે રાજ્ય સરકારની પૂર્વ મંજુરી મેળવવાની રહેશે.આ શરત નો અમલ ના કરવામા આવે તો જવાબદારી સંસ્થાની રહેશે.
16. સ્વૈચ્છિક સંસ્થા સંચાલિત આઈસીડીએસ દ્વારા રાજ્ય સરકારની કરકસરની નીતિનો ચુસ્ત પણે અમલ કરવાનો રહેશે.હાલ આઉટ સોર્સિંગ/કરાર આધારિત ભરવામાં આવેલ જગ્યાઓની કામગીરીના નોર્મ્સ મુજબ કામગીરીના ભારણની સમીક્ષા કરી તબક્કા વાર તે જગ્યાઓ રદ કરવાની રહેશે.
17. રાજ્ય સરકારની અમલમાં રહેલી નીતિ અનુસાર અનુદાનિત સંસ્થાઓના અધિકારી/કર્મચારીઓને પરિવહન ભથ્થુ મળવાપાત્ર નથી તે ધ્યાને લેતા સ્વૈચ્છિક સંસ્થા સંચાલિત આઈસીડીએસ ઘટકના કર્મચારીઓને **પરિવહન ભથ્થુ મળવાપાત્ર થશે નહી.**
18. સ્વૈચ્છિક સંસ્થા સંચાલિત આઈસીડીએસ ઘટકના અધિકારી/કર્મચારીઓનું આઈ.એફ.એમ.એસ (IFMS) સિસ્ટમ દ્વારા ફરજિયાતપણે ઓનલાઈન પે ફિક્સેશન તથા ઓનલાઈન વેરીફિકેશન કરાવવાનું રહેશે.વેરીફિકેશન કરાવવાની જવાબદારી જે તે સંસ્થાના પે ફિક્સેશન કરનાર અધિકારીની રહેશે.છઠ્ઠા પગાર પંચ પ્રમાણે કર્મચારીની પગાર બાંધણી કરવામાં આવેલ હોય અને વેરીફિકેશન થયેલ હોય તે કર્મચારીની તમામ વિગતો બનેલ પ્રસંગો (Events) અધ્યતન કરી, ત્યારબાદ જ સાતમા પગાર પંચ મુજબ પગાર બાંધણી કરવાની રહેશે.
19. અનુસૂચિમાં દર્શાવવામાં આવેલ નામાભિધાન/પગાર ધોરણો પણ સંસ્થા દ્વારા ચકાસવાના રહેશે અને સ્કેલ મુજબ યોગ્ય જણાયે જ પગાર બાંધણી કરવાની રહેશે. તેમાં વિસંગતતા જણાયે પુન: દરખાસ્ત કરી મંજુરી મેળવવાની રહેશે. **સંસ્થા કે વડી કચેરી કોઈપણ જગ્યાના નામાભિધાન કે પગારધોરણમાં કોઈ ફેરફાર કરી શકશે નહી.**
20. સ્વૈચ્છિક સંસ્થા સંચાલિત આઈસીડીએસ દ્વારા કોઈ જગ્યા પોતાની રીતે ભરી હશે તો અથવા ભરશે તો આવી જગ્યઓને પગાર સુધારણાનો લાભ આપવાનો રહેશે નહી.
21. તા.૦૧/૦૧/૨૦૧૬ના રોજ કે ત્યારબાદ નિવૃત્ત થયેલા અધિકારીઓ/કર્મચારીઓને નિયમાનુસાર સાતમા પગારપંચ મુજબના પગારધોરણ (ગ્રેડ પેને અનુરૂપ પે મેટ્રીકસના લેવલમાં મળવાપાત્ર પગાર) તથા તે મુજબના **નિવૃત્તી લાભો** જે મળવાપાત્ર થતા હશે તો તે પગાર ચકાસણી થયા બાદ ચુકવવાના રહેશે.
22. છઠ્ઠા પગારપંચ મુજબની પગાર બાંધણીની ચકાસણી સક્ષમ સત્તાધિકારી દ્વારા કરવામાં આવેલ હોય તેવા કર્મચારીઓની જ સાતમા પગારપંચ પ્રમાણે ઓનલાઈન પગારબાંધણી કરવાની રહેશે. પગાર બાંધણીની ચકાસણી બાકી હોય તેવા કર્મચારીઓની સાતમા પગારપંચ મુજબ પગાર બાંધણી થઈ શકશે નહી. જો તેવા કર્મચારીઓની પગાર બાંધણી કરી સાતમા પગારપંચ મુજબ પગાર આકારવામાં આવશે તો તે અંગે સંબંધિત અધિકારીની જવાબદારી નક્કી કરવાની રહેશે.

૨/- સ્વૈચ્છિક સંસ્થા સંચાલિત આઈસીડીએસ ઘટકનાં અધિકારી/કર્મચારીઓને સાતમા પગાર પંચ મુજબ પગાર સુધારણા/પગાર બાંધણી અંગે નિયત નમૂનામાં વિકલ્પ આપી શકશે અને સબંધિત કચેરી દ્વારા કર્મચારીઓ પાસેથી વિકલ્પ મેળવ્યા બાદ જ વિકલ્પ મુજબ જે તે તારીખથી પગાર બાંધણી કરવાની રહેશે.એક વાર આપવામાં આવેલ વિકલ્પ આખરી ગણવાનો રહેશે.સંસ્થાના કર્મચારીઓ પાસેથી નિયત નમૂના મુજબના બાહેંધરીપત્રમાં બાહેંધરી મેળવવાની રહેશે.

3/- આ મંજુરી ખાતાની વડી કચેરી દ્વારા રજુ કરવામાં આવેલ વિદ્યમાન પગાર ધોરણની વિગતોને ધ્યાને લઈ આપવામાં આવેલ હોઈ, **ખાતાની વડી કચેરી અને સંસ્થા દ્વારા પુન:ચકાસણીને આધીન ' સ્કેલ ટુ સ્કેલ 'ને ધોરણે પગાર બાંધણી કરવાની રહેશે.તેમાં વિસંગતતા જણાયે જરૂરી સ્પષ્ટતા માટે વિભાગ મારફત નાણા વિભાગનો પરામર્શ કરવાનો રહેશે.**

૪/- અનુદાનિત સંસ્થાઓને ગુજરાત મુલ્કી સેવા( વર્ગીકરણ અને ભરતી) નિયમો, લાગુ પડતા ન હોઈ **સ્વૈચ્છિક સંસ્થા સંચાલિત આઈસીડીએસ ઘટકની** જગ્યાઓને વર્ગીકરણ (વર્ગ-૧,વર્ગ-૨,વર્ગ-૩,વર્ગ-૪) લાગુ પડશે નહીં.

૫/- આ પગાર સુધારણા ની મંજુરી ઉપર જણાવેલ શરતો અને મુદ્દા નં.૨ થી જની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાની શરતે આપવામાં આવતી હોય આ શરતો/સૂચનાઓનું પાલન થાય તે ખાતાની વડી કચેરી/ **સ્વૈચ્છિક સંસ્થા**એ સુનિશ્ચિત કરવાનું રહેશે. કોઈ મુદ્દા અંગેની સ્પષ્ટતા ની જરૂર જણાયે વિભાગ મારફત નાણાં વિભાગનો પરામર્શ કરવાનો રહેશે.

૬/- કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી દ્વારા સાતમા પગાર પંચ મુજબ પગારા સુધારણાનો લાભ આપવા અંગે સંસ્થાવાર તેમજ સંવર્ગવાર જગ્યાઓની અનુસૂચિ બહાર પાડવાની રહેશે.

૭/ - ઉક્ત સ્વૈચ્છિક સંસ્થા સંચાલિત આઈસીડીએસ ઘટકનાં અધિકારી/કર્મચારીઓને સાતમા પગાર પંચ મુજબના પગાર સુધારણા મંજુરી નામ. હાઈકોર્ટ ખાતે દાખલ કરવામા આવેલ SCA-7337/2018 અને SCA-10406/2018ના ચુકાદાને આધીન રહેશે.

આ ઠરાવ આ વિભાગની સમાન ક્રમાંકની ઈ-ફાઈલ ઉપર નાણા વિભાગની તા.૦૯/૦૧/૨૦૨૩ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવેલ છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે ,

(જે.આઈ.લેઉવા)

ઉપસચિવ

મહિલા અને બાળ વિકાસ વિભાગ

બિડાણ: અનુસૂચિ-૧

**પ્રતિ,**

- **માન.મંત્રીશ્રી (મ.બા.ક.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.**
- **કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી,૨૦-ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.**
- **નિયામકશ્રી(આઈસીડીએસ), કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦- ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.**
- **જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત, જિ.બનાસકાંઠા/મહેસાણા/પાટણ/કચ્છ.**
- **નિયામકશ્રી, હિસાબ અને તિજોરીની કચેરી, ૧૭-ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.(ઈડીપી સેલ તથા પગાર ચકાસણી એકમ)**
- **પ્રોગ્રામ અધિકારીશ્રી (આઈસીડીએસ), જિલ્લા પંચાયત, જિ.બનાસકાંઠા/મહેસાણા/પાટણ/કચ્છ.**
- **એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ/રાજકોટ.**
- **જિલ્લા તિજોરી અધિકારીશ્રી, જિ.બનાસકાંઠા/મહેસાણા/પાટણ/કચ્છ**
- **પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.**
- **સેક્શન અધિકારીશ્રી, પગાર એકમ શાખા, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.**
- **સંબંધિત સ્વૈચ્છિક સંસ્થાઓ (મારફત પ્રોગ્રામ અધિકારીશ્રી)**
- **સીસ્ટમ મેનેજર, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર વેબસાઈટ ઉપર મુકવા સારું.**
- **નાયબ સેકશન અધિકારી સિલેક્ટ ફાઈલ**

- શાખા સિલેક્ટ ફાઇલ.

મહિલા અને બાળ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક:- **WCDD/DRA/e-file/23/2022/1465/B1**નું બિડાણ

અનુસૂચિ-૧

| ક્રમ | સંવર્ગનું નામ | છઠ્ઠા પગારપંચ મુજબ મંજુર થયેલ જગ્યાઓની સંખ્યા | સાતમા પગારપંચનો લાભ મળવાપાત્ર જગ્યાઓની સંખ્યા | છઠ્ઠા પગાર પંચ મુજબનું પગાર ધોરણ (પીબી, પે બેન્ડ, ગ્રેડ પે) | સાતમા પગારપંચ મુજબ પગારધોરણ (લેવલ, પે-મેટ્રીક્ષ મુજબ લઘુતમ પગારધોરણ) |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | બાળ વિકાસ યોજના અધિકારી | ૦૩ | ૦૩ | પી.બી-૨, રૂ.૯૩૦૦-૩૪૮૦૦, ૪૬૦૦ | લેવલ-૮ (રૂ.૪૪૯૦૦) |
| ૨ | મુખ્યસેવિકા | ૫૮ | ૪૯ | પી.બી-૧, રૂ.૫૨૦૦-૨૦૨૦૦, ૨૮૦૦ | લેવલ-૫, (રૂ.૨૯૨૦૦) |
| ૩ | આંકડા મદદનીશ | ૦૯ | ૦૯ | પી.બી-૧, રૂ.૫૨૦૦-૨૦૨૦૦, ૨૮૦૦ | લેવલ-૫, (રૂ.૨૯૨૦૦) |
| ૪ | સિનિયર ક્લાર્ક | ૦૨ | ૦૧ | પી.બી-૧, રૂ.૫૨૦૦-૨૦૨૦૦, ૨૪૦૦ | લેવલ-૪ (રૂ.૨૫૫૦૦) |
| ૫ | આસીસ્ટન્ટ સ્ટોરકિપર | ૦૧ | ૦૦ | પી.બી-૧, રૂ.૫૨૦૦-૨૦૨૦૦, ૧૯૦૦ | લેવલ-૨ (રૂ.૧૯૯૦૦) |
| ૬ | જુનીયર ક્લાર્ક | ૧૯ | ૧૭ | પી.બી-૧, રૂ.૫૨૦૦-૨૦૨૦૦, ૧૯૦૦ | લેવલ-૨ (રૂ.૧૯૯૦૦) |
| ૭ | આસીસ્ટન્ટ જુ.ક્લાર્ક | ૦૨ | ૦૨ | પી.બી-૧, રૂ.૫૨૦૦-૨૦૨૦૦, ૧૯૦૦ | લેવલ-૨ (રૂ.૧૯૯૦૦) |
| ૮ | જુનીયર ક્લાર્ક કમ ટાઈપીસ્ટ | ૦૨ | ૦૨ | પી.બી-૧, રૂ.૫૨૦૦-૨૦૨૦૦, ૧૯૦૦ | લેવલ-૨ (રૂ.૧૯૯૦૦) |
| ૯ | ડ્રાઈવર | ૦૧ | ૦૧ | પી.બી-૧, રૂ.૫૨૦૦-૨૦૨૦૦, ૧૯૦૦ | લેવલ-૨ (રૂ.૧૯૯૦૦) |
| ૧૦ | ચોકીદાર | ૧૦ | ૦૬ | ૧-એસ, રૂ.૪૪૪૦-૭૪૪૦, ૧૩૦૦ | **IS-1** (રૂ.૧૪૮૦૦) |
| ૧૧ | પ્યુન/સેવક | ૧૦ | ૧૦ | ૧ એસ, રૂ.૪૪૪૦-૭૪૪૦, ૧૩૦૦ | **IS-1** (રૂ.૧૪૮૦૦) |
| | કુલ | ૧૧૬ | ૧૦૦ | | |